**IN THE COURT OF JUDGE, LABOUR COURT AT, RAJKOT**
**Presided Over by Shri P. R. SUTHAR**

**RECO33C2 LC/112/2023**
**આંક: ૧૮**

**અરજદાર : શ્રી સુમેરા સુરેશ મોહનભાઈ**
ગંજીવાડા, પી.ટી.સી. મે.રોડ,
શેરી નં.૨૬, રાજકોટ.

**વિરુધ્ધ**

**સામાવાળા : શ્રી મેનેજીંગ ડીરેકટરશ્રી,**
અમુલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.,આજી વસાહત, પ્લોટ નં. ૩૩૨–૩૩૩,
જી.આઈ.ડી.સી., રાજકોટ – ૩૬૦ ૦૦૨

**બાબત : ઔધોગીક વિવાદ ધારાની કલમ ૩૩–સી(૨) હેઠળની રીકવરી અરજી.**

**હાજર રહયા:** અરજદાર તરફે : વિ. વ. શ્રી વી. કે. ટીંબડીયા
સામાવાળા તરફે : નોટીસ બજવા છતા ગેરહાજર

**:: હુ ક મ ::**

(૧) અરજદારની હાલની ઔધોગીક વિવાદ ધારા–૧૯૪૭ ની કલમ ૩૩ સી(૨) હેઠળ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળાની કંપનીમાં કાયમી કામદાર છે અને તેઓનું માસીક વેતન તેમની આંક–૧ ની અરજીમાં જણાવેલ છે. અરજદાર વધુમાં જણાવે છે કે સામાવાળાઓને મજુર કાયદા ઉપરાંત પગાર ચુકવણી ધારો પણ લાગુ પડે છે. અને તે મુજબ ૭ દિવસમાં દર માસની ૭ મી તારીખે પગારની ચૂકવણી કરી આપવી જોઈએ. તેમ છતાં સામાવાળાએ તેનો ભંગ કરેલ છે. તેમ જણાવી અરજદારે માહે નવેમ્બર–૨૦૨૨ ના પગારના ૫૦% તથા ડીસેમ્બર–૨૦૨૨, જાન્યુઆરી–૨૦૨૩ તથા ફેબ્રુઆરી–૨૦૨૩ ના પૂરેપૂરાં પગારનું ચૂકવણું કરેલ નથી, તેમ જણાવી અરજદારે વધુમાં જણાવેલ છે કે, અરજદારને પગાર ન મળતાં તેઓએ કલેકટરશ્રી તથા લેબર ઓફિસમાં અરજીઓ કરેલ છે. સામાવાળા પગાર ન ચૂકવતા અરજદારને કુટુંબ જીવનનિર્વાહ, મકાનભાડા, તથા ઈલેકટ્રીક બીલ, શૈક્ષણિક ખર્ચ વગેરે ચુકવવામાં દયાજનક પરિસ્થીતી ઉપસ્થીત થતા અરજદારે કલેકટરશ્રી તથા અન્ય કચેરીઓમાં લેખિત અને મૌખિક રજુઆત કરવા છતાં અરજદારને બાકી પગાર ચૂકવેલ નથી. સામાવાળા પાસે જયારે જયારે અરજદારો પગારો ચુકવવા રજુઆત કરવા જતા ત્યારે ફકત ચુકવણીની તારીખના ખોટા આશ્વાશન જ અપાયેલ. સામાવાળા તરફથી તારીખ ૯/૧/૨૩ ના અમો સહીત સર્વે કામદારો જોગ સ્પષ્ટ ખાતરી આપેલ કે અમારો માહે ઓકટો.–૨૨ નો પગાર તા.૧૧–૦૧–૨૩ અને તા.૧૨–૦૧–૨૩ સુધીમાં અને નવે.–૨૦૨૨ ના પગાર તા.૧૭–૦૧–૨૦૨૩ થી તા.૧૯–૦૧–૨૦૨૩ સુધીમાં કરી આપવાની ખાત્રી આપેલ કે અરજદારનો માહે ડિસેમ્બર–૨૦૨૨ નો પગાર તા.૦૧–૦૨–૨૦૨૩ થી તા.૦૫–૦૨–૨૦૨૩ સુધીમાં કરી આપીશ પરંતુ આજ સુધી પગાર ચુકવેલ નથી. અરજદાર વધુમાં જણાવે છે કે, કામદારોનાં પગારમાંથી સ્વૈચ્છીક રીતે રૂ.૧૦૦/– કપાત કરવાના અને આ રીતે કપાત થયેલ સામુહિક ફંડની રકમ રોકડ રકમ કંપનીનાં આગેવાનોને પરત આપતાં આગેવાનો દવારા મજકુર એકત્રિત થયેલ ફંડ ગાયમાતાનાં લાભાર્થે ગૌશાળામાં ઉપયોગ કરતાં છેલ્લે નવેમ્બર– ૨૦૨૨ નો અડધો પગાર ચૂકવાયેલ ત્યારે આ ધાર્મિક રકમ રૂ.૧૦૦/– ની રકમ પણ મેનેજમેન્ટે કપાત કરેલ. જે પણ અરજદારને ધાર્મિક કાર્ય માટે પરત આપેલ નથી. તેમ જણાવી અરજદારે હાલની અરજી બાકી પગારનાં નાણાં તથા ગૌશાળાના ફંડના **રૂ.૧૦૦/–** મળી બાકી પગારની રકમ સામાવાળા ચુકવી આપે તથા

અરજી ખર્ચ નાં **રૂા.૫,૦૦૦/–** ચૂકવી આપે તેવી દાદ મેળવવાં હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના સામાવાળાને **આંક–3** મુજબની કાયદેસર નોટીસ બજવા છતા સામાવાળા તરફે કોઈ હાજર થયેલ નથી કે કોઈ જવાબ રજુ કરેલ નથી. તેથી **આંક–૪** ના હુકમ મુજબ સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે અને કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આ કામે સામાવાળા તરફે તક આપવા છતાં કોઈ પુરાવો કે સોગંદનામું, જવાબ રજુ થયેલ નથી.

(૩) આ કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**અરજદાર તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧. | અરજદાર ની સોગંદનામાથી જુબાની | આંક–૬ |

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક/માર્ક |
|---|---|---|
| ૧. | કામદારનો બાકી પગારો ચુકવી આપવા કંપનીએ આપેલ લેખીત ખાત્રી | આંક–૯ |
| ૨. | કામદારનો બાકી પગારો ચુકવી આપવા કંપનીએ આપેલ લેખીત ખાત્રી | આંક–૧૦ |
| ૩. | લેબર ડિપાર્ટમેન્ટ સમક્ષની સમાધાન કાર્યવાહીનુ રોજકામ | આંક–૧૧ |
| ૪. | પોલીસ અધિકારી સમક્ષની બેઠકમાં કામદારોનાં બાકી પગાર ચુકવી આપવા કંપનીએ આપેલ ખાત્રી | આંર્ક–૧૨ |
| ૫. | કામદારોનાં બાકી પગારો ન ચુકવાતા તે અંગે કંપની સામે ફોજદારી કેઈસો દાખલ કર્યા અંગેની માહીતી આપતો જોઈન્ટ ડાયરેકટર ઔધોગીક સલામતી અને સ્વાસ્થની કચેરી, રાજકોટનો પત્ર | આંક–૧૩ |
| ૬. | કામદારોનાં બાકી પગારો ન ચુકવાતા તે અંગે કંપની સામે ફોજદારી કેઈસો દાખલ કર્યા અંગેની માહીતી આપતો નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરી, રાજકોટ કચેરી, રાજકોટનો પત્ર | આંક–૧૪ |
| ૭. | કામદારોના બાકી પગારો ચુકવવા અંગેની કામદાર આગેવાનની લેખીત રજુઆત | આંક–૧૫ |
| ૮. | કામદારનો બાકી પગારો ચુકવવા અંગેની મંડળની આગેવાનની લેખીત રજુઆત | આંક–૧૬ |

અરજદાર તરફે **આંક–૧૭** થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૪) અરજદાર તરફે તેના વિ. વ. શ્રી વી. કે. ટીંબડીયા ધ્વારા કરવામા આવેલ મૌખીક દલીલો સાંભળી. દલીલમાં તેઓએ તેમની અરજી મુજબ દલીલ કરેલ છે. અને જણાવેલ છે કે, સામાવાળા હાજર રહેલા નથી તથા અન્ડરટેંકીગ મુજબ અમલ કરેલ નથી માટે કામદારોનો પગાર વ્યાજ સહીત ચુકવી આપવા તથા યોગ્ય વળતર આપવા દલીલ કરેલ છે. આ કામે સામવાળાને પુરતી તક આપવા છતાં દલીલ માટે હાજર રહેલા ન હોય, દલીલનો હકક બંધ કરી સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૫) સદર કામ ઉપરોકત હકીકતે આ કામના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

## <u>મુદા</u>

૧. શું અરજદાર સાબીત કરે છે કે, તેઓ અરજીમાં જણાવેલ માહે નવેમ્બર–૨૦૨૨ ના પગારના ૫૦% તથા ડીસેમ્બર–૨૦૨૨, જાન્યુઆરી–૨૦૨૩ તથા ફેબુઆરી–૨૦૨૩ ના પૂરેપૂરાં પગાર વિગતોના બાકી પગારનાં આંક–૧ માં જણાવેલ રકમ તથા ગૌશાળાના ફંડના **રૂા.૧૦૦/–** મળી આંક–૧ ની અરજમાં જણાવ્યાં મુજબની રકમ સામાવાળા પાસેથી ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ની કલમ–૩૩(સી)(૨) મુજબ મેળવવા હકકદાર છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

## <u>નિર્ણયો</u>

૧. અંશત: હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદાના નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

## – :: કારણો :: –

**<u>મુદા નંબર–૧ :–</u>**

(૮) આ કામે ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ ૩૩(સી–૨) ની વ્યાખ્યા જોવામાં આવે તો તેમાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

"**33C. Recovery of money due from an employer. -**

(1) where any money is due to a workman from an employer under a settlement or an award or under the provisions of Chap. V-A, the workman himself or any other person authorized by him in writing in this behalf, or in the case of the death of the workman, his assignee or heirs may, without prejudice to any other mode of recovery, make an application to the appropriate Government for the recovery of money due to him, and if the appropriate Government is satisfied that any money is so due, it shall issue a certificate for thatamount to the Collector who shall proceed to recover the same in the same manner as an arrear ofland revenue :

Provided that every such application shall be made within one year from the date on which the

money became due to the workman from the employer :

Provided further that any such application may be entertained after the expiry of the said period of one year, if the appropriate Government is satisfied that the applicant had sufficient cause for not making the application within the said period.

(2) Where any workman is entitled to receive from the employer any money or any benefit which is capable of being computed in terms of money and if any question arises as to the amount of money due or as to the amount at which such benefit should be computed, then the question may, subject to any rules that may be made under this Act, be decided by such labour court as may be specified in this behalf by the appropriate Government.

(૯) આ કામે અરજદારે સામાવાળા પાસેથી આંક–૧ ની અરજીની વિગતે લેણી થયેલ રકમ અને હકીકત પુરવાર કરવા **આંક–૬** થી પુરાવા સ્વરૂપ સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ સોગંદપર પોતાની અરજીની હકીકતને સમર્થન કરેલ છે.આ કામે સામાવાળા કોઈ પણ મુદતે હાજર રહેલા નથી કે હાજર રહી

અરજદારની અરજી કે સોગંદનામાને પડકારેલ નથી કે કોઈ પુરાવો પોતાના બચાવમાં રજુ કરેલ નથી. આ કામે અરજદારે **આંક–૫** થી લીસ્ટ ઓફ ડોકયુમેન્ટ રજુ કરેલા છે. અને **આંક–૯** થી **આંક–૧૬** સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવે તો આંક–૯ થી કામદારોના બાકી પગાર ચુકવી આપવા બાબતે લેખીત ખાત્રી, **આંક–૧૦** થી કામદારનો બાકી પગારો ચુકવી આપવા કંપનીએ આપેલ લેખીત ખાત્રી, **આંક–૧૧** થી લેબર ડિપાર્ટમેન્ટ સમક્ષની સમાધાન કાર્યવાહીનુ રોજકામ, **આંક–૧૨** થી પોલીસ અધિકારી સમક્ષની બેઠકમાં કામદારોનાં બાકી પગાર ચુકવી આપવા કંપનીએ આપેલ ખાત્રી, **આંક–૧૩** થી કામદારોનાં બાકી પગારો ન ચુકવાતા તે અંગે કંપની સામે ફોજદારી કેઈસો દાખલ કર્યા અંગેની માહીતી આપતો જોઈન્ટ ડાયરેકટર ઔધોગીક સલામતી અને સ્વાસ્થની કચેરી, રાજકોટનો પત્ર, **આંક–૧૪** થી કામદારોનાં બાકી પગારો ન ચુકવાતા તે અંગે કંપની સામે ફોજદારી કેઈસો દાખલ કર્યા અંગેની માહીતી આપતો નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરી, રાજકોટ કચેરી, રાજકોટનો પત્ર, **આંક–૧૫** થી કામદારોના બાકી પગારો ચુકવવા અંગેની કામદાર આગેવાનની લેખીત રજુઆત, **આંક–૧૬** થી કામદારનો બાકી પગારો ચુકવવા અંગેની મંડળની આગેવાનની લેખીત રજુઆતની નકલો રજુ કરેલ છે. સદર કામે સોગંદ પરની જુબાની તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લઈએ તો એ વાત સ્પષ્ટ છે કે સામાવાળાએ બાંહેધરી આપ્યાં છતા પગારની રકમ ચૂકવેલ નથી. પગાર એ કામદારનો એકજીસ્ટીંગ રાઈટસ છે. અને હાલના કેસમાં નોટીસ બજવા છતાં સામાવાળા હાજર રહેવા કે રજુઆત કરવા પણ દરકાર કરેલ નથી જેથી હાલના કેસની હકિકતો અને સંજોગો જોતાં અરજદારોને બાકી પગારનાં નાણાં ચુકવાયેલ ન હોય તે હકીકત માનવા યોગ્ય છે. પરંતુ આ કામે અરજદારએ રૂા.૧૦૦/– ગૌ શાળાનાં કપાતની રકમ પરત માંગેલ છે તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોય, તથા રૂા.૧૦૦/– પરત મેળવવા તેઓ હકકદાર છે તેવો પુરાવો લાવી શકેલ નથી. આમ, અરજદારનો અરજી મુજબનો પગાર બાકી હોવાનું રેકર્ડ પરનાં પુરાવાથી ફલીત થાય છે.

આથી રેકર્ડ પરનો અરજદારનો તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો જોતાં તથા અરજદાર તરફે રજુ થયેલ દલીલો ધ્યાને લેતા અરજદાર તેનો કેસ સાબીત કરવામાં તેટલે અંશે સફળ રહેલ હોય મુદા નં.–૧ નો નિર્ણય અંશત: હકારમાં આપવામાં આવે છે અને મુદા નં.–ર અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. અરજદાર ની રીકવરી અરજી નીચે મુજબની વિગતે મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના અરજદારની સામાવાળા પાસે બાકી પગારની કુલ રકમ **રૂા.૩૫,૫૬૬/– (અંકે રૂપિયા પાત્રીસ હજાર પાચસો છાંસઠ પુરા)** ઔધોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી (ર) અન્વયે લેણી થતી હોવાનું ઠરાવવામાં આવે છે. સામાવાળાએ સદરહુ લેણી રકમ અરજદારને અરજી તારીખથી વસુલ થતા સુધીના વાર્ષિક ૭ % ના સાદા વ્યાજ સહીત દિવસ–૩૦ માં ચુકવી આપવી.

૩. સામાવાળાએ અરજદારને અરજી ખર્ચના રૂા.૧,૦૦૦/– અલગથી ચુકવી આપવા.

સ્થળ : **રા જ કો ટ**
તારીખ : **૨૬/૦૬/૨૦૨૩**

**(પી. આર. સુથાર)**
જીજે–૦૧૦૨૬
પ્રીસાઈડીંગ ઓફીસર
અને ન્યાયાધીશ (એસ. ડી.)
મજુર અદાલત, રાજકોટ.

SBJ